

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

સૂથ વળ્યો વિકાસનો, મોંઘવારી પૂંઠે છે,
આ નેતાઓ સદાય મતની જાળ ગૂંછે છે
નજર બૂથે છે પાડે એ આશ્વાસનનાં આંસુ -
ગીધડાં બની આત્મહત્યાનો દેહ ચૂંથે છે...

### હાઈકુ

ઓછી બેઠકે -
રૂંધાય છે 'ગૃહો'માં
પ્રજા અવાજ...
(પલાયન વૃત્તિ)

ખેંચાય લાજ
લોકશાહીની દોરી -
ગંદા હાથોમાં...
(કૌભાંડીઓ - ધ્વજવંદન)

### ચિંતન

**અનિત્યાનિ શરીરાણિ વિભવો નૈવ શાશ્વતઃ ।**
**નિત્યં સન્નિહિતો મૃત્યુઃ કર્તવ્યો ધર્મસંગ્રહઃ ॥**

'ચાણક્યનીતિ'નો આ શ્લોક છે :

આ શરીર અનિત્ય છે અર્થાત નાશવંત છે - કાયમ રહેવાનું નથી, ધન-સંપત્તિ પણ ચંચળ છે અર્થાત એ પણ કાયમ રહેવાનું નથી કે સાથે પણ ચાલવાનું નથી અને મૃત્યુ સદાય પગલે-પગલે, ક્ષણે-ક્ષણે તમારી સાથે - તમારા માથે જ ભમે છે, મૃત્યુ કયારે આવે - કઈ ઘડીએ આવી પડે એ અનિશ્ચિત જ છે. માટે પ્રત્યેક વ્યક્તિએ જાગૃત રહી 'સત્ય' ધર્મનું સદાય આચરણ-અનુસરણ કરવું જોઈએ.

જન્મ સાથે મૃત્યુ જોડાયેલું જ છે એ અચૂક કોઈ ક્ષણે આળશે. મૃત્યુ પછી કોઈ જ કંઈ જ સાથે લઈ જવાનું નથી. જે સાથે આવશે તે છે માત્ર તમે કરેલા દાન-પુણ્ય-ધર્મનું આચરણ અને ઈશ્વરને આભાર દર્શન માટે કરેલી પ્રાર્થનાઓ...

### સુવિચાર

- ગરીબોને રોગોનો ભય હોય છે, અને ધનવાનોને પતનનો ભય હોય છે - **ભર્તૃહરિ**
- તિરસ્કાર દાનવોની સંપત્તિ છે, ક્ષમા મનુષ્યનું ચિહ્ન છે, પરંતુ પ્રેમ દેવતાઓનો સ્વભાવ છે - **તથાગત્**
- ઈશ્વરની કોઈ બૌદ્ધિક પરિભાષા આપી શકાય નહીં,
  એની તો આત્મામાં જ અનુભૂતિ થઈ શકે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- બ્રહ્માના સ્વરુપમાં ઈશ્વર સર્જન કરે છે, વિષ્ણુના સ્વરુપમાં પાલન કરે છે અને
  શિવના સ્વરુપમાં ન્યાય કરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- અલ્લાહ ઝઘડાળું પુરુષને સૌથી વધુ તિરસ્કાર કરે છે - **મહંમત પયગંબર**
- દાન આપીને તમારે ખુશ થવું જોઈએ,
  કારણ કે મુસીબત કદી પણ દાનની દિવાલ કૂદી શકતી નથી - **શેખ સાદી**
- આજનું ઔષધ : તલ પીસી તેમાં ઘી, મધ મેળવી ઘા પર બાંધવાથી ઘા જલ્દી રૂઝાઈ જાય છે

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

આપણે ગમે તેવા સારા સત્સંગમાં જઈએ કે સારું વાચન કરીએ પણ મનમાં જ કચરો ભર્યો હોય તો એટલે કે પાત્ર જ ખરાબ અને અસંસ્કારી હોય તો સારી વાતમાંથી પણ આપણે અર્થ આપણને મનગમતો જ કાઢીએ છીએ.

એક સંત હનુમાન ચાલીસાનું પઠન સાથે વચ્ચે વચ્ચે અર્થ પણ સમજાવતા હતા. કહ્યું,

આપન તેજ સંભારો આપે, તીનો લોક હાંક તે કાંપે ।

તમારા પોતાના જ તેજ-આત્મબળ-વિશ્વાસથી તમે હાંક મારો પડકાર કરો તો ત્રણે લોક કાંપવા લાગશે. તમારામાં અમર્યાદ શક્તિ છે. સંતે કહ્યું, તમે દરરોજ સમજી વિચારી હનુમાન ચાલીસાનું પઠન કરજો અને તેને અનુસરજો.

સત્સંગમાં પ્રધાનશ્રીનો પટ્ટાવાળો પણ હતો. બીજે દિવસે સંત પ્રધાનશ્રીને આશ્રમના કામ માટે મળવા આવ્યા. પટાવાળો કહે તમારી ચિઠ્ઠી (વિઝીટીંગ કાર્ડ) અંદર લઈ જવાની ફી ૧૦૦ રૂા. થશે! સંત કહે અરે! ભાઈ તું તો કાલે સત્સંગમાં આવ્યો હતો ને! હનુમાન ચાલીસા નથી વાંચતો?

પટ્ટાવાળાએ કહ્યું, બાપુ એમાં જ લખ્યું છે : 'રામ દ્વાર તુમ રખવારે, હોત ન આજ્ઞા બીન પૈસા રે...' બાબા ચૂપ થઈ ગયા. પ્રધાનશ્રીને મળ્યા વિના જ પાછા ગયા.

## અમિત શાહ માટે કપરાં ચઢાણ

### તંત્રીસ્થાનેથી....

ગુજરાતની જુગલજોડી - નરેન્દ્ર મોદી અને અમિત શાહનું સાયુજ્ય વધુ ત્રણ વર્ષ માટે અકબંધ રહ્યું છે, તે ભારતીય જનતા પાર્ટી કરતાં સવિશેષ ગુજરાતી અસ્મિતાની દૃષ્ટિએ ગૌરવભરી ઘટના જ ગણાશે. કોંગ્રેસી શાસન દરમિયાન કયારેક ઢેબરભાઈ જેવા નતાને રાષ્ટ્રીય સંગઠનની ધુરા સોંપાતી રહેલી, પરંતુ ઈંદિરા ગાંધીના ઉદય પછી સત્તાના સમાંતર કેન્દ્ર સમું પ્રમુખપદ પણ વડાપ્રધાન પાસે જ રહેતું હતું. રાજીવ ગાંધીની હત્યા પછી કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી પાસે જ સત્તા કેન્દ્રિત થઈ અને વડાપ્રધાન એમના હાથનું રમકડું બની ગયા. ભારતીય જનતા પાર્ટી પોતાને 'પાર્ટી વિથ ડિફરન્સ' ગણાવતી રહી છે. એમાં આનુવંશિક રાજકારણને અવકાશ નથી. અટલ બિહારી વાજપેયી અને નરેન્દ્ર મોદીના કોઈ 'સીટી લીટીના વારસદાર' સત્તાની દાવેદારી કરવાના નથી. બેઉ આજીવન અપરિણીત રહ્યા હોઈ પ્રજામાં વિશેષ લોકપ્રિયતા હાંસલ કરી શકયા છે. વંશાનુગત રાજકારણમાં ભ્રષ્ટાચારની શક્યતા વધારે રહેતી હોઈ કોંગ્રેસ અપ્રિય બનેલ છે. ગુજરાતી વડાપ્રધાને પાર્ટીના કર્ણધાર તરીકે પણ સિનિયર કાર્યકર્તાઓને બાજુએ રાખીને વફાદાર ગુજરાતી અગ્રણી પર પસંદગી ઉતારી ત્યારે ઘણા વરિષ્ઠો નારાજ થયા હતા. પરંતુ અમિત શાહના નેતૃત્વ હેઠળ ઉત્તરપ્રદેશમાં સંગઠને કમાલ કરી બતાવી, એનો ઈનકાર થઈ શકે એમ નહોતો. એથી તત્કાલિન રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહનો સમાવેશ ગૃહમંત્રી તરીકે થતાં એમના રાજીનામાથી ખાલી પડેલા અધ્યક્ષ પદ પર વડાપ્રધાન મોદીએ પોતાના કુનેહબાજ ગુજરાતી સાથીની જ નિમણૂકનો આગ્રહ રાખ્યો અને સંઘ તથા પાર્ટીએ રાજનાથસિંહની અધૂરી રહેલી ઓગણીસ માસની મુદત પૂરતી એમની રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિમણૂક કરી હતી. અમિત શાહના અધ્યક્ષ પદ દરમિયાન દિલ્હી અને બિહાર સિવાયની ચૂંટણીઓમાં પાર્ટીને જવલંત વિજય મળ્યો હતો અને કલ્પના પણ ન કરી હોય એમ જમ્મુ અને કાશ્મીરમાં તો પાર્ટીએ પહેલી જ વાર સત્તામાં ભાગીદારી પણ મેળવી હતી. વિશેષપણે દિલ્હી અને બિહારની નામોશીભરી હારને કારણે સલાહકારની ભૂમિકામાં આવી ગયેલા અડવાણઈ, જોષી અને શાંતારામ જેવા નેતાઓ તથા શત્રુઘ્ન સિન્હા અને યશવંત સિન્હા કે અરુણ શૌરી જેવા નરેન્દ્ર મોદીના ટીકાકારોએ અમિત શાહ અને મોદી - બેઉનો પ્રભાવ ઓસરી રહ્યાની કાનાફૂસી ચાલુ કરી દીધી હતી. એવા સંજોગોમાં અમિત શાહને નવી જવાબદારી સોંપવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો નિર્ણય સૂચક છે. સંઘને હાથ ઉપર લઈને તેઓ આ કામ પાર પાડી શકયા છે, એમાં એમના પ્રભાવ પાર્ટી વર્તુળોમાં કોઈ પણ પડકાર ઊભો જ ન રહી શકે, તે બબાત પુરવાર થઈ ગઈ છે. પરંતુ નવી ઈનિંગ અમિત શાહ માટે સીધા ચઢાણ સમી પુરવાર થવાની છે. સામે પશ્ચિમ બંગાળ, આસામ, કેરળ અને પંજાબ જેવા રાજયો ઉપરાંત સૌથી મોટો પડકાર ઉત્તરપ્રદેશની વિધાનસભામાં પાર્ટીને કમ્ફર્ટેબલ બહુમતી અપાવી સત્તારૂઢ કરવાનો છે. પ્રજાસત્તાક પર્વની પરેડમાં યોજાતા શક્તિપ્રદર્શન જેવું જ મોદી-શાહનું શક્તિપ્રદર્શન આગામી દિવસોમાં જોવા મળશે કે કેમ એ તો સમય જ કહી શકે.

## ઝંડા! સ્વરાજ્યના સંત્રી : રહો તુજ ઝાલર રણઝણતી

### ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી







૨૬ મી જાન્યુઆરીના દિવસનું એક અનેરું મહત્વ દરેક ભારતીય માટે છે. જે બાબત નાગરિકો માટે મહત્વની હોય તેમ છતાં એક વિધિ કે ગતાનુગતિક્તાના કારણે ઘણાં નાગરિકોનું ધ્યાન આ દિવસ સાથે જોડાયેલ ઉજવળ ઈતિહાસ તરફ જતું નથી. કેટલાક વિધિ વિધાનવત કાર્યક્રમો થતા રહે છે. નાગરિકો તેમજ ખાસ કરીને યુવકોનો એક વર્ગ આ પ્રકારના સરકારી કે બીન સરકારી કાર્યક્રમોમાં ઉપસ્થિત પણ રહે છે. લાલ કિલ્લાની શાનદાર તથા જાનદાર પરેડ દરેક ભારતીયનું ગૌરવ વધારે તેવી ભવ્ય તથા દર્શનિય હોય છે. આમ છતાં એક બાબત સાર્વત્રિક અનુભવે જોવા મળે છે કે સમાજનો ઘણો ભાગ આવી ઉજવણીઓથી દૂર રહે છે. આઝાદી મળ્યા પછીના થોડા વર્ષો સુધી ઉજવણીમાં જનસામાન્યનો ઉમંગ અને ઉપસ્થિતિ જોવા મળતા હતા. ક્રમે ક્રમે ઉજવણીમાં વ્યાપક સહભાગીતાનું પ્રમાણ ઘટતું ગયું છે. સમાજના જાગૃત નાગરિકો માટે આ બાબત નિસબતનો વિષય ગણાવો જોઈએ. આપણે ત્યાં જે અનેક તહેવારો પરંપરા કે સામાજિક રૂઢીને કારણે ઉજવાય છે તેમાં લોકભાગીદારીનું પ્રમાણ ધીમે ધીમે વધતું જતું જોવા મળેલું છે. પતંગોત્સવ રાજ્યના અમૂક ભાગમાં જ સવિશેષ ઉજવાતો હતો. ગણેશોત્સવ પણ મર્યાદિત વિસ્તારમાં મનાવવામાં આવતો હતો. હવે પરિસ્થિતિ જૂદી છે. લગભગ તમામ તહેવારો વધારે સાર્વત્રિક તો થયા છે, પરંતુ ઉજવણીના ધોરણનો ગ્રાફ પણ ઊંચો ને ઊંચો જતો જણાય છે. લોકને ઉત્સવ પ્રિય છે તેની પ્રતીતિ થાય છે. આથી જે ઉજવણી થાય છે તે સ્વયંભૂ થયા કરે છે. ૧૫ મી ઓગષ્ટ કે ૨૬મી જાન્યુઆરીના ઐતિહાસિક મૂલ્યને ઉજાગર કરી આ તહેવારો વિશેષ લોકાભિમુખ થાય તેવા સહિયારા પ્રયાસો કરવાના જો પ્રયાસો થતાં હોય તો પણ તેને વિશેષ ઠોસ તથા પરિણામલક્ષી બનાવવા જરૂરી લાગે છે એક પ્રજા તરીકે વર્ષોની પરતંત્રતા બાદ સ્વાધિનતા પ્રાપ્ત થાય એ ઘટના નાની કે ભૂલી જવા જેવી નથી. એજ રીતે આટલા મોટા ખંડ જેવા વિશાળ તથા અનેક પ્રકારની વિવિધતા ધરાવતા દેશનું સંચાલન દેશના બંધારણને અનુરૂપ કાયદા-કાનૂનોથી લોકશાહીને છાજે તે રીતે થતુ રહે તે પણ આપણાં માટે એક સામુહિક ગૌરવની ઘટના છે. આ બાબતની અનુભૂતિ મહદ્અંશે આપણે કરી શકતા નથી. આપણી સાથે તથા આપણાં પછી આઝાદ થયેલા અનેક મુલ્કોએ પોતાની સ્વાધિનતા વિવિધ કારણોસર ગુમાવી છે. તેની સામે બંધારણીય બાબતનોની મહત્તમ જાળવણી એ આપણું ઉજળું તથા ચોખ્ખું Report - card છે. બંધારણે નક્કી કરેલી બાબતોમાં કોઈ સરકારે છૂટ લેવાનો પ્રયાસ કોઈ પણ કારણસર કર્યો હોય તો પણ દેશના નાગરિકોને એ વાત કદી ગળે ઉતરી શકી નથી. આવુ બન્યુ છે ત્યારે તક તથા પ્રસંગ આવ્યેથી લોકસમુહે બંધારણીય માર્ગેજ આ બાબતમાં પોતાની નારાજગી પણ વ્યકત કરી છે. આજે પણ જગતના અનેક દેશોમાં લોકોએ પસંદ કરેલી સરકારો સ્થિર થઈ શકતી નથી. લોકતંત્ર સહેજ પણ નબળું પડે તો સત્તાકાંક્ષી પરિબળો લોકશાહીનું ગ્રહણ કરી આપખૂદ શાસન તરફ વળી જાય છે. અનેક સ્થળોએ યુવાનોએ મશાલ પકડીને આપખૂદ શાસન સામે વિરોધનું રણશિંગુ આજે પણ ફૂંકતા રહેવું પડે છે. આપણી મજબૂત સંસદીય સંસ્થાઓ પણ આપણાં ઊંડા સંતોષનો વિષય બનવી જોઈએ. વિઠ્ઠલભાઈ પટેલ તથા દાદાસાહેબ માવળંકર જેવા આપણાં જન પ્રતિનિધિઓએ મજબૂત સંસદીય સંસ્થાઓનો ઊંડો પાયો નાખ્યો છે. સરદાર પટેલ જેવા વિચક્ષણ નેતાએ અલગ અલગ પ્રદેશના મણકાઓ એક માળામાં મજબૂતીથી પરોવ્યા છે. સરદાર સાહેબે સ્થાયી વહીવટી પ્રથાનું માળખું ટકાવી વહીવટી બાબતોમાં સાતત્ય જળવાય તેવું સુદીર્ઘ આયોજન કરી આપેલું છે. પંડિત જવાહરલાલ નહેરુ જેવા વિશાળ તથા ઉદાર દૃષ્ટિકોણ ધરાવતા નેતાઓએ સર્વ સમાવેશક શાસન વ્યવસ્થાની ભાવી પેઢીઓને અમૂલ્ય ભેટ આપેલી છે. અનેક વાવાઝોડા વચ્ચે આપણું પ્રજાસત્તાક કેટલીક મર્યાદાઓ સાથે પણ હિમાલયના ધવલ ઉજળા શિખરની જેમ ઉન્નત મસ્તકે ટટ્ટાર ખડુ રહેલું છે. ત્રિરંગાનો વૈભવ સ્થિર રહેલો છે. વિનોદ કિનારીવાલા જેવા અનેક નવલોહીયા યુવાનો જે ધ્વજ માટે સામી છાતીએ લાઠી-ગોળીનો ભોગ બન્યા તે મોંઘેરા પ્રતિકનું ગૌરવગાન કવિ મેઘાણીએ સુંદર શબ્દોમાં કર્યું છે. આ શબ્દો ફરી ફરી સ્મૃતિમાં આવે છે.

તુજને ગોદ લઈ સૂનારાં
મેં દીઠા ટાબરિયાં
તારાં ગીત તણી મસ્તીમાં
ભૂખ તરસ વીસરિયા-
ઝંડા ! કામણ શાં કરિયાં !
ફિદા થઈ તુજ પાછળ ફરિયાં
ઝંડા સ્વરાજ્યના સંત્રી !
રહો તુજ ઝાલર રણઝણતી

## જન્મ 'પમાતો' નથી મૃત્યુ 'પમાય' છે... મૃત્યુ પ્રાપ્ત થાય છે

### વિચારયાત્રા

ડો. જય ઓઝા



નથી આંખ મીંચી શકાતી જરા પણ -
હજી એક પીંછું જગાડ્યા કરે છે.
કમળતંતુ જેવું હશે મૌન નક્કી
હજી કોઈ સરવર વહાવ્યા કરે છે...
યુગો થઈ ગયા રાસ-લીલાને આજે
હજી કોણ રાસે રમાડ્યા કરે છે?
હશે કોઈ અવશેષ લાક્ષાગૃહોનો
હજી શબ્દ એકાદો બાળ્યા કરે છે
હવે ગાંઠ છોડી સમર્પી દે સઘળું
હજી કાં તું તાંદુલ છુપાવ્યા કરે છે?

- નીતિન વડગામા

જીવનમાં ઘણીબધી ઘટનાઓમાં તટસ્થ થઈ શકાય છે... પણ એક ઘટના એવી હોય છે જેમાં તટસ્થતા સંભવ નથી... એ ઘટના છે - અવસાન.

જયારે અવસાન આપ્તજન કે સ્વજનનું હોય, નિકટજનનું હોય, એક રક્તનું હોય ત્યારે માણસ તૂટી જાય છે... સંતુલન રહેતું નથી... અવસાન નોંધ કે દિલાસાના પત્રોના ઉત્તરોમાં એ જ શબ્દો વાપરવા સ્વાભાવિક છે. ચિર વિદાય... કારમો વજ્રઘાત... શોકના વાદળો છવાઈ ગયા... આ કારમો આઘાત જીરવવાની શક્તિ આપે...

આ બધી એક ભાષા છે... વ્યવહારની ભાષા છે... અવસાન નોંધ સદ્ગતને યાદ કરવાની પ્રતા ન બની રહીને વહવે તો જાહેરાત બની ગઈ છે...

વર્ષોના વર્ષો વહી જાય છતા... કોઈ દિવસ સ્મરણ કોઈ દિવસ જૂનું નથી થતું... બલ્કે સતત નવો ઓપ ધારણ કરતું રહે છે...

મૃત્યુ ઈશ્વરમાં વિશ્વાસ અને અવિશ્વાસ બંને લાવી દે છે...

બધી જ આધ્યાત્મિક વાતો, બધો જ ધર્મ, બધું જ બકવાસ લાગે છે...

ડૅગ હેમરશેલ્ડે લખ્યું છે : મૃત્યુ એ ફ્રેમ છે, ચિત્રની ફ્રેમ. એ પહેલેથી જ છે... ફક્ત તમારે જિંદગીના રંગો પૂરી લેવાના છે.

લેખિકા સૂઝન ફલોરેન્સ લખે છે : જેને તમે પ્રેમ કરો છો એનો દેહાંત થાય છે ત્યારે આપણા પોતાના સ્વનો પણ ટુકડો મરી જાય છે. તૂટન શરીરની હોય છે... એ મૃત્યુ સ્વીકારવામાં સમય જોઈએ છે અને અનગિનત આંસુઓ જોઈએ છે... કેટલા દેખાતા અશ્રુઓ અને કેટલાક ન દેખાતા...

સત્ય...સત્ય શું છે...! સત્ય એ છે કે, તે નથી... તે નથી એ જ સત્ય છે.

જીવન જે આપે છે, એ જ જીવન લઈ લે છે એ સ્વીકારવાની યોગ્યતા પ્રાપ્ત કરવી પડે છે...

એકલતામાં સરી પડાય છે... એકલતામાં જિંદગીનો રંગ ટેકનીકલરમાંથી બ્લેક એન્ડ વ્હાઈટ બનતો નથી. સેપીઆ બની જાય છે... ધૂમિલ... અતીતની પડળ ચડેલો, વાણીની બુઝાતા જવાની સ્થિતિ, જે મૌન નથી, વિચારોના બુદબુદા અંદરથી ઊઠતા રહે છે, ચકરાવા કરે છે, ઘુમરાતા રહે છે, પણ અવાજ નથી, સંવાદ નથી...

નાટકમાં આવતી સ્વગત ઉક્તિ માટે પણ સામે અંધકારમાં બેઠેલ દર્શકોનો શ્વાસોશ્વાસ જોઈએ છે, ઘરમાં સ્વગત ઉક્તિ પણ નથી બચતી... જીવંત મૌનની હૂંફ નથી...

ઘરમાંથી વ્યક્તિ વિદાય લે છે... છાતી પીસાઈ જાય છે. દિવાલ પર ટીંગાડેલ ફોટાને જોઈને... વર્ષો જતા નથી... દિવસો વર્ષો બનતા જાય છે... સમય ખૂટતો જ નથી.... ખુલ્લી આંખો માત્ર ભૂતકાળને જ જોયા કરે છે... રોજ દરવાજે આવતી ગાય અને બારીએ બેસતી કાબરને પણ ખબર પડી ગઈ હોય છે કે ઘરની વ્યક્તિ નથી...

અને તેમાંય સાંજ બહુ ક્રૂર સમય છે, તૂટેલા વ્યક્તિ માટે નિર્વિરોધ પરાજય સ્વીકારવાનું એ મુર્હૂત છે...



જિંદગી સ્વયં એક ધંધાદારી જોખમ છે. જયાં સુધી જિંદગી ના-તમામ છે, જયાં સુધી તમારું દિલ નાની-નાની ખુશીઓથી બહલી શકે છે... જયાં સુધી... જયાં - સુધી...

રઘુવંશમાં લખ્યું છે... મરણ પ્રકૃતિઃ શરીરિણામ્ શરીરની પ્રકૃતિ જ મરણ છે... પોતાના મૃત્યુ પરના વિજયની બડાઈઓ હાંકતા આપણે સ્વજનના મૃત્યુ પણ અધમૂઆ થઈ જઈએ છીએ...

પરંતુ આ બધામાં અંગ્રેજીનો શબ્દ પ્રયોગ મને ખૂબ ગમે છે... હી પાસ્ડ અવે! એ પસાર થઈ ગયો.... રજનીશજીના પુસ્તકની પાછળ તેમની જન્મતિથિ અને મૃત્યુતિથિ એમ નથી લખતા પરંતુ લખાય છે યાત્રાતિથિ...

સ્વજનના જન્મદિન પર મૃત્યુની વાત કરી દેવાનું સૂઝ્યું કારણ કે અમુક વ્યક્તિ પોતે મરીને બીજાને જીવન જીવવું શીખવડાવતા જાય છે... અને આપણે આમ પણ કહીએ છીએ કે - 'મૃત્યુ પામ્યા'

'પામવું' શબ્દ આપણે મૃત્યુ માટે વાપરીએ છીએ... જીવન માટે નહીં... જન્મ માટે નહીં...

કયારેય કોઈને કહેતા સાંભળ્યાં કે... જન્મ પામ્યાં? - ના... મૃત્યુ પ્રાપ્ત કરીને જીવન શીખવી જનાર વીરલા પાછળ આંસુ સારવા એ નાનપ નથી પણ તેમના અપમાન બરાબર... શું? કેમ? શા માટે?

હજી વાત વાતમાં તમારું નામ બોલાઈ જાય છે... જે નામ ૩૦ વર્ષ બોલતો આવ્યો છું... થોડો ધક્કો લાગે છે... પછી બધું જ શાંત થઈ જાય છે... પૂર્વવત્ ફક્ત જિંદગી એક મિનિટ આગળ દોડતી રહે છે... ભગવાન બુદ્ધથી માંડીને રજનીશ... બધા કહી ગયા તે સારું છે, સાચું છે... પણ લાગતું નથી. કબીર, જીબ્રાન, કૃષ્ણ, ગીતા બધું જ અપ્રસ્તુત બની જાય છે...

સ્મૃતિ શું છે? સ્મૃતિની ખૂશ્બૂ હોવી જોઈએ... સ્મૃતિનું વજન ન હોવું જોઈએ... વિસ્મૃતિનો સહારો ઈચ્છતો નથી... સ્મરણ... નિઃશબ્દમાંથી અશબ્દ બની જવું... ભૂતકાળ વર્તમાનકાળમાં સ્પંદન પેદા ન કરે તે જોવાનું છે... વર્તમાનકાળ ભૂતકાળમાં ખલેલ ન પાડે એ વિચારવાનું છે...

- jayuoza@gmail.com
mo. 9898046488

## ધંધા-રોજગારમાં ભલે માણસ લાખો રૂપિયા કમાય પરંતુ ચોવીસ કલાકમાંથી ચોવીસ મિનિટ તો માણસે પરહિત કાજ, બીજા માટે જીવવું જોઈએ

### અજવાળું - અજવાળું

તુષાર જોશી



'હિતેન, કયારની તને કહું છું, તું સાંભળે છે?

જો સામે લોકો પોતાની કાર મેદાનમાં લાવીને એમાં જ સુતા છે, ને ને સામે જો, લોકો પરિવાર સાથે ફુટપાથ પર સુતા છે.' કાર ડ્રાઈવર કરી રહેલા પતિ હિતેનને તેની પત્ની જાનકીએ કહ્યું, હિતેન ચુપ રહ્યો. 'અચાનક આવી પડેલી આ મુશ્કેલીના સમયે આપણે કાંઈ ના કરી શકીએ?' ફરી જાનકીએ કહ્યું, હિતેન શૂન્યમનસ્ક રહ્યો.

એક સહૃદય માણસ, દિલદાર અને સંવેદનશીલ વ્યક્તિત્વનો માણસ હિતેન આમ મૌન કેમ રહ્યો? એના જવાબ માટે પંદર વર્ષ પાછળ જવું તેમ છે.

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧નો એ ગોઝારો દિવસ ગુજરાત કેમ ભૂલી શકે? પ્રજાસત્તાક દિનની ઉજવણી થઈ રહી હતી. ગામે-ગામ લોકો રાષ્ટ્રપ્રેમના ગીત ગાવામાં અને એની ઉજવણીમાં વ્યસ્ત હતા. અચાનક કુદરતનો પ્રકોપ થયો. ભયાનક રીતે ધરા ધ્રુજી. ઘડીના છઠ્ઠા ભાગમાં કેઈ કેટલાય મકાનો તહસ-નહસ થઈ ગયા. જયાં જુઓ ત્યાં વિનાશની અસર દેખાવા માંડી. દોડાદોડી-ગભરાટ-ભાગમભાગ-આક્રંદ-ડુસકા- આ બધાનું વરવું સ્વરુપ નજર સામે આવવા માંડ્યું. સૌથી વધુ અસર કચ્છ જિલ્લામાં હતી. આ ઉપરાંત સમગ્ર ગુજરાતના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભૂકંપની ભયાનક તબાહી વિકરાળ સ્વરુપ ધારણ કરી બેઠી હતી. અમદાવાદ શહેરમાં પણ કેટલાય મકાનો-ફલેટ અને બહુમાળી બિલ્ડિંગો તૂટી હતી - લોકો મૃત્યુ પામ્યાનો આંકડો વધતો જતો હતો. જે લોકો બચી ગયા હતા અને ફલેટમાં રહેતા હતા તે લોકો બીકના માર્યા પોતાના ફલેટમાં પગ મુકવા તૈયાર ન હતા. મહત્ત્વના દસ્તાવેજો કે પૈસા લેવા જવાની કે ચેકબુક - ઘરેણાં લેવા જવાની પણ કોઈની હિંમત ન હતી. એવા સમયે રાત્રે અમદાવાદના થલતેજ વિસ્તારમાં રહેતા હિતેન અને જાનકી વસંત કારમાં નીકળ્યા હતા. એમનો બંગલો સલામત હતો પણ બહાર જે દૃશ્યો એમણે જોયા એ જોઈ એમનું હૃદય દ્રવિત થઈ ઊઠ્યું હતું. બીજાની પીડા જોઈને દુઃખી થનારા આ બંને વચ્ચે જે સંવાદ થયો એ લેખના આરંભે લખ્યો છે. હિતેન ચુપ હતો કારણ કે એના હૃદયની સંવેદના એની પાસે જવાબ માગતી હતી. બંને ઘરે ગયા બંનેને ઊંઘ ન આવી.

સવારે બંનેએ નક્કી કર્યું કે આપણા અમદાવાદ શહેરમાં જે લોકો ભૂકંપથી બચી ગયા છે, પરંતુ તેમના ફલેટમાં કે મકાનમાં પરત રહેવા જઈ શકે તેમ નથી તેમને અને ભૂકંપના અસરગ્રસ્તોને મદદ કરવી. શું થઈ શકે? કેવી રીતે થઈ શકે? કયાં થઈ શકે? અનેક સવાલો એમણે જાતને પુછ્યા અને અસ્તિત્વ એમની પાસે એક સારું કામ કરાવવા ઈચ્છે છે એમ માનીને એના વાસ્તવિક ઉકેલો પણ શોધ્યા.

સૌથી પહેલા એમને વાત કરી કેલોરેક્સ ફાઉન્ડેશનના પૂજા શ્રોફને જેમની સાથે તેમને પારિવારિક સંબંધો હતા. એમણે વાતને ઝીલી લીધી, બીજા મિત્રો પણ જોડાયા. ગુજરાત યુનિ.ના તત્કાલિન કુલપતિની સંમતિ લઈ વિશાળ મેદાન પર ટેન્ટ સીટી બનાવ્યું. મીડિયાના માધ્યમથી લોકોને જાણ કરી કે રસ્તા કે મેદાનમાં કે ગાડીમાં નહિ, અહીં આવીને રહો... લોકો જ સ્વયંભૂ રીતે જોડાતા ગયા - ગાદલા - ગોદડા - રજાઈ ને ઓશીકા, ભોજનની સામગ્રી તથા બીજી જરુરી વસ્તુઓ લોકોએ જ આપવા માંડી - કન્ટેઈનરો પણ આવ્યા ને અસરગ્રસ્ત લોકો પણ રહેતા થયા. એમનું સ્વમાન સચવાય એ રીતે એમની કાળજી લેવામાં આવી. ધીમે ધીમે સહુ ત્યાંથી જ પોતપોતાના ધંધા-રોજગાર અને નોકરીમાં જોડાયા. કરૂણા ટ્રસ્ટનો પણ વિશેષ સહકાર મળ્યો. સમાજજીવનના વિધવિધ જોગના દાતાઓથી લઈને સામાન્ય માણસ સુધીના તમામે પોતે જે ક્ષેત્રમાં હતા તે ક્ષેત્રની તેમની આગવી અને આપવા જેવું જે કાંઈ હતું તે માનવતાના આ યજ્ઞમાં આહુતિરુપે આપ્યું. ધીમે ધીમે બધું થાળે પડતું ગયું... 'વિસામો' નામના આ સ્થળેથી લોકો પોતપોતાના ઘરે ગોઠવાતા ગયા. ભૂકંપનો ભય ઓછો થયો પુરા બે મહિના અને ત્રણ-ચાર દિવસ બાદ ૩૧ માર્ચ-૨૦૧૬ના રોજ 'વિસામો' ના સ્થળે સાંજે ભજનો ગવાયા - સંતોનો સત્સંગ થયો અને ઉમદા કાર્યને વિરામ આપવામાં આવ્યું. ગુજરાતના ગામડે ગામડે નામી-અનામી સંસ્થાઓ-વ્યક્તિઓ-કંપનીઓ-મંદિરો-ટ્રસ્ટોએ શ્રેષ્ઠ રીતે સેવા કાર્ય કર્યું અને એમાં અમદાવાદ શહેરમાં પોતાનાથી શું થઈ શકે? એ પ્રશ્નના જવાબમાં સમાજના સહકારથી જે કાંઈ કરી શક્યા તેનો આનંદ અને સંતોષ લઈને બંને ઘરે ગયા.

આપણા જીવનમાં વ્યક્તિગત કે સામૂહિક રીતે બનતી ઘટનાઓ ઘણીવાર પ્રાસંગિક હોય છે. ચોક્કસ તિથિ વાર કે તારીખ સાથે એ જોડાયેલી હોય છે. ૨૬ જાન્યુઆરી સાથે પણ આવી જ એક દુઃખદ ઘટના નામે ભૂકંપ ગુજરાત સાથે જોડાયેલી છે. આજે દોઢ દાયકો વીત્યા બાદ અલબત્ત રાજય સરકાર - સામાજિક સંગઠનો - દાતાઓ - બિનનિવાસી ભારતીયો અને સ્વયંભૂ જનભાગીદારીથી અસરગ્રસ્ત તમામ વિસ્તારો પહેલા કરતા વધુ સુવિધાપૂર્ણ બન્યા છે.

સંવેદના જાગી અને 'વિસામો' નામે એક સાત્વિક અને માનવતાનું કાર્ય થયું એની વાત છે.

સામાન્ય રીતે આપણે અનુભવ એવો હોય છે કે કોઈ ઘટના બને ત્યારે એના ઉકેલ માટે આપણે વિચારવાના બદલે આપણું શું ગજું? એમ કહીને બેસી જઈએ છીએ. સંવેદના જાગે, એ પરિસ્થિતિમાં એક વ્યક્તિ તરીકે થોડે ઘણે અંશે ઉપાય વિચારે - મિત્રો સાથે એને સંવાદમાં લાવે તો જરુર એક નાનો વિચાર એક મહત્ત્વપૂર્ણ કાર્ય સુધીની યાત્રા કરાવે છે.

ધંધા-રોજગારમાં ભલે માણસ લાખો રૂપિયા કમાય પરંતુ ચોવીસ કલાકમાંથી ચોવીસ મિનિટ તો માણસે પરહિત કાજ, બીજા માટે જીવવું જોઈએ. બીજાના ભલા માટે કામ કરવાથી મનને જે આનંદ અને સંતો,ની લાગણીનો અનુભવ થાય છે તે અમૂલ્ય હોય છે. માનવ સર્જીત કે કુદરતી આપત્તિના કાળે અનેક જગ્યાએ આવા સેવા કાર્યો આકાર લેતા હોય છે. વિચાર એક માણસને આવે છે પરંતુ સાથ સહુનો મળે છે અને આખરે જરુરીયાતમંદ સુધી મદદ પહોંચે છે. મદદ પહોંચાડનાર કયારેય પોતાને દાતા નથી માનતો અને મદદ મેળવનારનું ગૌરવ પણ સચવાય છે આવું બને છે ત્યારે સેવાકાર્ય થકી, એક શુભ વિચાર થકી દીવડા પ્રગટે છે અને આસપાસ અજવાળા રેલાય છે.

**તેજપૂંજ :**

માણસમાં મૂળભૂત સારપ છે. સદ્ગુણ પ્રત્યે નિષ્ઠા છે, તે સદ્વૃત્તિના પાયા પર સમાજરચનાના કરવાની છે.

- વિમલા ઠાકર